JSW Colouron+ | ISC | durashine | TATA SHAKTEE
ALEVATE
PERFORMANCE AT ITS PEAK
• Aluminium - Colour Coated, Corrugated Roofing Sheets
• Galvanised Plain Sheet - MS - CRC sheets
• Asian - Apollo - Tata Square Pipe & Round Pipe
• 60 & 80 Micron GI HOTDIP Pipe For Solar Roof Top
• Poly Carbonate, PVC Sheets & Roofing Accessories
STEEL TRADING COMPANY
MUGATLAL GROUP
Near Krishna Petrolpump, Udhna Main Road, Surat.
Mobile : 7575882332, 7575053830
E-mail: info@steeltrading.in Webside: www.steeltrading.in


# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રીઃ મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા


» શુટ - શેરવાનીનું ફેન્સી ફેબ્રિક્સ મળશે
» રેડીમેઈડ શેરવાની શૂટ, કુર્તા, સલવાર તેમજ ડિઝાઈનર પઠાની મળશે.
» બ્રાઈડલ લેઘાં અને ગાઉન મળશે.
SINGAPURI® FASHION
Fabric, Ethnic, Bridal
''શહેરનાં હાર્દ વિસ્તારમાં ફેશનની આકર્ષક સ્ટાઈલ્સ ''
Opp. Wedding Showroom, Near Lalgate, Surat
+91-98252 33451
+91-98253 77767

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ I e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૨ * * * સંવત ૨૦૮૦ આસો વદ એકમ શુક્રવાર ૧૮ ઓક્ટોબર, ૨૦૨૪ * * * દૈનિક : ૮૭ - અંક : ૨૮૬ પાનાં ૧૬ કિંમત ₹ ૫.૦૦

# નાગરિક ધારાની કલમ ૬એની વૈધતા સુપ્રીમે માન્ય રાખી

**આ કલમ** આસામમાં જાન્યુઆરી, ૧૯૬૬ અને માર્ચ ૨૫, ૧૯૭૧ વચ્ચે આવ્યા હોય તેવા સ્થળાંતરિતોને ભારતીય નાગરિકતા આપે છે

**પાંચ** જજોની બંધારણીય બેન્ચે નાગરિકત્વ ધારામાં આસામ કરાર પછી ઉમેરવામાં આવેલી આ કલમની બંધારણીય વૈધતા ૪:૧ના બહુમતિ ચુકાદાથી માન્ય રાખી

**આ કલમને** ગેરબંધારણીય જાહેર કરવાની માગણી કરતી અરજીઓ ફગાવી દીધી

નવી દિલ્હી, તા. 17 (PTI): એક બહુમતિ ચુકાદામાં સુપ્રીમ કોર્ટે આજે નાગરિકત્વ ધારાની કલમ ૬એની બંધારણીય વૈધતા માન્ય રાખી હતી જે કલમ આસામમાં જાન્યુઆરી, ૧૯૬૬ અને માર્ચ ૨૫, ૧૯૭૧ વચ્ચે આવ્યા હોય તેવા સ્થળાંતરિતોને ભારતીય નાગરિકતા આપે છે.

ચીફ જસ્ટિસ ડી. વાય. ચંદ્રચૂડના વડપણ હેઠળની પાંચ જજોને બંધારણ બેન્ચે કહ્યું હતું કે આસામ કરાર એ ગેરકાયદે માઈગ્રેશનનો એક રાજકીય ઉકેલ હતો. નાગરિકતા ધારામાં ઉમેરવામાં આવેલી કલમ ૬એ આસામ કરાર હેઠળ આવરી લેવાયેલા લોકોને નાગરિકતા આપવાની સાથે કામ પાર પાડે છે. સીજેઆઈએ પોતાના માટે ચુકાદો લાખતા આ કલમની વૈદ્યતા માન્ય રાખી હતી અને કહ્યું હતું કે આસામમાં માઇગ્રન્ટોના પ્રવાહનું પ્રમાણ અન્ય રાજયોની સરખામણીમાં જમીનનું નાનુ કદ અને વિદેશોની શોધખોળ વધુ સાવધાનીપૂર્વક કરવામાં આવે છે તે જોતા ઉંચુ જણાય છે. આ ઉપરાંત જસ્ટિસ સૂર્યકાંત, જેમણે પોતાના માટે ચુકાદો લખ્યો હતો તેઓ અને જસ્ટિસો એમ.એમ. સુંદરેશ અને મનોજ મિશ્રા સીજેઆઈ સાથે સહમત થયા હતા અને કહ્યું હતું કે આવી જોગવાઈ અમલી બનાવવા માટે સંસદ વૈધાનિક પાત્રતા ધરાવે છે. જો કે જસ્ટિસ જે.બી. પારડીવાલા આ ચુકાદાની સાથે અસહમત થયા હતા જેમણે કલમ ૬એને ગેરબંધારણીય ઠરાવી હતી. તેમણે કહ્યું હતું કે બનાવટી દસ્તાવેજો વડે આ કલમનો દુરુપયોગ થવાની પણ શક્યતા છે. આ બહુમતિ ચુકાદાએ ઠરાવ્યુ હતું કે આસામમાં પ્રવેશ માટેની ૨૫ માર્ચ, ૧૯૭૧ની કટઓફ તારીખ અને નાગરિકતા પુરી પાડવી એ યોગ્ય છે.

આ રાજ્યમાં વિવિધ વંશીય જૂથોની વધુ હાજરીનો અર્થ એ નથી કે કલમ ૨૯(૧) પર તરાપ પડે છે. નાગરિકતા ધારાની કલમ ૬એની

...અનુસંધાન પાના 15 પર ➲

## સુપ્રીમ કોર્ટમાં ન્યાયની દેવીની પ્રતિમા બદલાઇ: નવી પ્રતિમા કહે છે કે ન્યાય આંધળો નથી

# કાયદો હવે 'આંધળો' નથી!

**સીજેઆઇ** ચંદ્રચૂડના આદેશ પ્રમાણે ફેરફારો કરીને નવી પ્રતિમા મૂકાઇ

**નવી** પ્રતિમાની આંખે પાટો નથી, ડાબા હાથમાં તલવારના સ્થાને બંધારણ છે



### પ્રતિમામાં કેવા ફેરફારો કરવામાં આવ્યા છે?

ન્યાયની દેવીની જૂની પ્રતિમામાં આંખે પાટો હતો તે દૂર કરાયો છે અને આંખો પણ ખુલ્લી છે જે સૂચવે છે કે ન્યાય આંધળો નથી. જાગૃતિ અને સમજ પણ તે સૂચવે છે. ડાબા હાથમાં તલવાર હતી જે સત્તા અને શિક્ષા સૂચવતી હતી જેના સ્થાને હવે બંધારણનું પુસ્તક છે જે સૂચવે છે કે ન્યાય બંધારણ મુજબ થાય છે. જૂની પ્રતિમાનો પોષાક પશ્ચિમી ઢબનો દર્શાવાયો હતો, જયારે નવી પ્રતિમાનો પોષાક ભારતીય ઢબનો, સાડીનો દર્શાવાયો છે. જમણા હાથમાં ત્રાજવું યથાવત રખાયું છે જે સૂચવે છે કે બધાની સાથે સમાન રીતે ન્યાય થાય છે.

**નવી દિલ્હી, તા. 17 :** સુપ્રીમ કોર્ટમાં મૂકવામાં આવેલી ન્યાયની પ્રતિમા બદલવામાં આવી છે. અગાઉના પારંપારિક પ્રતિમામાં આંખ પર પાટો બાંધેલો હતો જે હવે નવી પ્રતિમામાં નથી જે સૂચવે છે કે ન્યાય આંધળો નથી.

અહેવાલો મુજબ ચીફ જસ્ટિસ ડી. વાય. ચંદ્રચૂડના આદેશ પ્રમાણે પ્રતિમા બદલવામાં આવી છે. હવે ન્યાયની દેવીની આંખ પર પાટો નથી. અગાઉની પ્રતિમાની આંખ પર પાટો હતો જે એવું સૂચવતો હતો કે ન્યાય પોતાની સમક્ષ કોણ છે ધનવાન છે કે ગરીબ છે, વગદાર છે કે નબળી વ્યક્તિ છે તે જોયા વિના સૌની સાથે સમાન વર્તન કરવામાં આવે છે. જો કે સૂત્રોના જણાવ્યા પ્રમાણે સીજેઆઇ ચંદ્રચૂડનો ખયાલ એવો છે કે ન્યાય આંધળો નથી અને તેની સમક્ષ બધા એકસમાન છે. તેઓ અંગ્રેજોના સમયની આ પારંપારિક પ્રતિમાને દૂર પણ કરવા માગતા હતા તેથી તેમણે આ પ્રતિમાને બદલવાનો આદેશ આપ્યો હતો.

અંગ્રેજોના સમયથી ચાલતી આવેલી ન્યાય દેવીની પ્રતિમા એવી એક મહિલા તરીકે દર્શાવવામાં આવતી હતી કે જેની આંખે પાટો બાંધેલો છે અને હાથમાં ત્રાજવું અને તલવાર છે. બીજા ફેરફારોમાં તલવાર પણ દૂર કરવામાં આવી છે જે તલવાર સત્તાનું પ્રતિક હતી, જો કે તેને ચીફ જસ્ટિસ હિંસાનુ પ્રતિક માનતા હતા. આથી તલવાર દૂર કરીને તેના સ્થાને ડાબા હાથમાં બંધારણ મૂકવામાં આવ્યું છે જે સૂચવે છે કે ન્યાય બળથી નહીં પણ બંધારણ મુજબ કરવામાં આવે છે. નવી પ્રતિમાના જમણા હાથમાં ત્રાજવું યથાવત રખાયું છે જે બધા માટે ન્યાય સૂચવે છે. આ નવી પ્રતિમા સુપ્રીમ કોર્ટની લાયબ્રેરી સમક્ષ ઉભી કરવામાં આવી છે.

# સોનું રૂ. 450ના ઉછાળા સાથે રૂ. 79 હજારને પાર



નવી દિલ્હી, તા. 17 (PTI). ઓલ ઇન્ડિયા સરાફા એસોસિએશનના જણાવ્યા અનુસાર, જ્વેલર્સ અને સ્ટોકિસ્ટો દ્વારા સતત ખરીદીને કારણે ગુરુવારે રાષ્ટ્રીય રાજધાનીમાં સોનાના ભાવ રૂ. 450 વધીને રૂ. 79,350 પ્રતિ 10 ગ્રામના નવા રેકોર્ડને સ્પર્શી ગયા હતા.

બુધવારે અગાઉના સત્રમાં 99.9 ટકા શુદ્ધતા ધરાવતી કિંમતી ધાતુ રૂ. 78,900 પ્રતિ 10 ગ્રામ પર બંધ થઈ હતી.

સતત બીજા દિવસે તેજી સાથે 99.5 ટકા શુદ્ધતા ધરાવતું સોનું રૂ. 450 વધીને રૂ. 78,950 પ્રતિ 10 ગ્રામની નવી ટોચે પહોંચ્યું હતું. અગાઉ તે રૂ. 78,500 પ્રતિ 10 ગ્રામ પર બંધ થયું હતું.

જોકે, ચાંદી પ્રતિ કિલોગ્રામ રૂ. 93,500 પર સ્થિર રહી હતી.

વેપારીઓએ જણાવ્યું હતું કે, તહેવારોની માંગને પહોંચી વળવા સ્થાનિક જ્વેલર્સ દ્વારા વધતી ખરીદી અને વૈશ્વિક બજારોમાં કિંમતી ધાતુના ભાવમાં આવેલી તેજીને કારણે સોનાના ભાવ રેકોર્ડ ઊંચા સ્તરે પહોંચી ગયા હતા.

મલ્ટી કોમોડિટી એક્સચેન્જ (એમસીએક્સ) પર ફ્યુચર્સ ટ્રેડમાં ડિસેમ્બર ડિલિવરી માટેના સોનાના કોન્ટ્રાક્ટ રૂ. 355 અથવા 0.46 ટકા વધીને રૂ. 77,019 પ્રતિ 10 ગ્રામની સર્વકાલીન ઊંચી સપાટીએ પહોંચી ગયા હતા.

એલકેપી સિક્યોરિટીઝના વીપી રિસર્ચ એનાલિસ્ટ (કોમોડિટી અને કરન્સી) જતીન ત્રિવેદીએ જણાવ્યું હતું કે, ''એમસીએક્સમાં વૃદ્ધિ સાથે સોનાના ભાવમાં તેજી જારી રહી છે અને ભાવ ફરી એકવાર સર્વકાલીન ઉચ્ચ સ્તરે પહોંચી ગયા છે. આ તેજી જોખમી અસ્કયામતોના વળતરમાં વધતી જતી અનિશ્ચિતતાના કારણે છે. જેથી સોનું રોકાણકારો માટે આકર્ષક રોકાણ બની ગયું છે.''

જોકે, ડિસેમ્બર ડિલિવરી માટે ચાંદીના કોન્ટ્રેક્ટ શેરબજારમાં રૂ. 181 અથવા 0.2 ટકાના ઘટાડા સાથે રૂ. 92,002 પ્રતિ કિલોગ્રામ પર રહ્યા હતા.

## રેલવેએ આગોતરા રિઝર્વેશન માટેનો સમય ઘટાડીને ૬૦ દિવસનો કર્યો



**નવી દિલ્હી, તા. ૧૭ (PTI):** રેલવે બોર્ડે ટ્રેનોની સીટોના એડવાન્સ રિઝર્વેશન માટેનો સમયગાળો પહેલી નવેમ્બર, ૨૦૨૪થી અમલી બને તે રીતે ૧૨૦ દિવસ પરથી ઘટાડીને ૬૦ દિવસનો કર્યો છે. એવો નિર્ણય લેવાયો છે કે તા ૧-૧૧-૨૦૨૪થી ટ્રેનો માટેની એડવાન્સ રિઝર્વેશનની સમય મર્યાદા ૧૨૦ દિવસ પરથી ઘટાડીને ૬૦ દિવસની કરી છે(મુસાફરીની તારીખ સિવાય), એમ રેલવે બોર્ડનું તારીખ ૧૬ ઓક્ટોબર, ૨૦૨૪નું એક સર્ક્યુલર જણાવે છે. જો કે ૩૧ ઓક્ટોબર સુધી ૧૨૦ દિવસ સુધીના એઆરપી(એડવાન્સ રિઝર્વેશન પિરીયડ) હેઠળ કરવામાં આવેલા તામ બુકિંગો યથાવત રહેશે એમ તેમાં વધુમાં જણાવાયું હતું. આ પરિપત્રમાં જો કે એઆરપી ઘટાડવા માટેનું કોઇ કારણ આપવામાં આવ્યું ન હતું. બોર્ડના જણાવ્યા પ્રમાણે ૬૦ દિવસના એઆરપીના ઉપરવટ કરવામાં આવેલ બુકીંગના કેન્સલેશનની અલબત્ત, માન્યતા આપવામાં આવશે. કેટલીક ચોક્કસ દિવસના સમયની ટ્રેનો જેવી કે તેજસ એક્સપ્રેસ, ગોમતી એક્સપ્રેસ વગેરેના કિસ્સામાં કઇ ફેરફાર થશે નહીં જેમના

...અનુસંધાન પાના 15 પર ➲

# હમાસનો ટોચનો નેતા માર્યો ગયો?

**ઇઝરાયેલ** ગાઝામાંથી મળેલ એક મૃતદેહની ડીએનએ ચકાસણી કરાવે છે

**આ મૃતદેહ** હમાસના ટોચના નેતા યાહ્યા સિનવારનો જ છે કે કેમ? તે જાણવા આ ચકાસણી કરાય છે



**દૈર અલ બલાહ, તા. 17 (AP):** ઇઝરાયેલના લશ્કરે આજે જણાવ્યું હતું કે તે એ જાણવા માગે છે કે ગાઝામાં લશ્કરી ઓપરેશન દરમ્યાન, હમાસનો ટોચનો નેતા યાહ્યા સિનવાર માર્યો ગયો છે કે કેમ? સત્તાવાળાઓ એક મૃતદેહની ડીએનએ ચકાસણી કરાવી રહ્યા છે જેથી તે નક્કી કરી શકાય કે તે તેનો જ મૃતદેહ છે કે કેમ? એમ એક ઇઝરાયેલી લશ્કરી અધિકારીએ જણાવ્યું હતું.

લશ્કરે એક નિવેદનમાં જણાવ્યું હતું કે ગાઝામાં ઓપરેશન દરમ્યાન ત્રણ ઉગ્રવાદીઓ માર્યા ગયા હતા. તેણે કહ્યું હતું કે આ ત્રણની ઓળખ હજી સુધી થઇ શકી નથી પણ તે એ સંભાવના ચકાસી રહ્યું છે કે આમાંથી એક સિનવાર છે. ચાલી રહેલી તપાસ અંગે નામ નહીં આપવાની શરતે સુરક્ષા અધિકારીએ જણાવ્યું હતું કે મૃતદેહ પરના ટેસ્ટોએ હજી સુધી એ પુરવાર કર્યું નથી કે તે સિનવારનો જ છે. હમાસ તરફથી આ અહેવાલ અંગે તત્કાળ કોઇ ટિપ્પણી મળી નથી. અત્રે ઉલ્લેખનીય છે કે ૭ ઓક્ટોબર, ૨૦૨૩ના હુમલાનો સિનવાર મુખ્ય રચયિતાઓમાંનો એક હતો. અને ગાઝામાં યુદ્ધની શરૂઆતથી જ ઇઝરાયેલે તેને મારી નાખવાની પ્રતિજ્ઞા કરી હતી. જો સમર્થન મળશે તો સિનવારનું મોત હમાસ જૂથ માટે એક મોટો ફટકો હશે.ગાઝા પટીમાં તે વર્ષોથી હમાસનો ટોચનો નેતા રહ્યો છે અને તેની લશ્કરી પાંખ સાથે તે નિકટથી સંકળાયેલો છે અને તેના નાટ્યાત્મક વિકાસમાં તેનો મોટો ફાળો છે.

# બહરાઇચ હિંસા: પોલીસ સાથે અથડામણ બાદ પાંચ શકમંદો પકડાયા, બેને ગોળીથી ઈજા

**પાંચેય** જણા નેપાળ ભાગી છૂટવાનો પ્રયાસ કરતા હોવાનો પોલીસનો દાવો

**ગોળીબારમાં** બે જણાને ગંભીર ઇજા થઇ છે અને સારવાર હેઠળ છે

**યુપી** પોલીસની કામગીરી સામે વિપક્ષે પ્રશ્નો ઉઠાવ્યા





બહરાઇચ (UP), તા. 17 (PTI): ઉત્તર પ્રદેશના બહરાઇચમાં જેને કારણે હિંસા ફાટી નિકળી હતી તે એક શખ્સની હત્યાના પાંચ શકમંદોની આજે યુપી પોલીસ સાથે અથડામણ પછી ધરપકડ થઇ હતી જેમાંથી બે શકમંદોને ગોળી વાગવાથી ઈજા થઇ હતી એમ એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું.

આરોપીઓ કથિત રીતે નેપાળ ભાગી જવાનો પ્રયાસ કરી રહ્યા હતા, જે નેપાળની સરહદ બહરાઇચ જિલ્લાને લાગે છે એમ અધિકારીએ જણાવ્યું હતું. પાંચ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે એમ એડિશનલ ડિરેક્ટર જનરલ ઓફ પોલીસ(કાયદો અને વ્યવસ્થા) અમિતાભ યશે એક ન્યૂઝ ચેનલને જણાવ્યું હતું. અથડામણ અંગે તેમણે જણાવ્યું હતું કે મારી પાસે સામ સામા ગોળીબાર અને ગોળીઓથી ઇજાની માહિતી છે. યશ, કે જેઓ યુપી પોલીસના સ્પેશ્યલ ટાસ્ક ફોર્સના વડા પણ છે તેમણે જણાવ્યું હતું કે હત્યા અને તે પછી ફાટી નિકળેલી હિંસા અંગે યુપી પોલીસ તપાસ કરે છે અને તેમાં એક આરોપીની નેપાળ કડી પણ પ્રસ્થાપિત થઇ છે. ડીજીપી પ્રશાંત કુમારે જણાવ્યું હતું કે જેઓની ધરપકડ થઇ છે તેમની ઓળખ ફહીન, સરફરાઝ અને અબ્દુલ હમીદ તરીકે થઇ છે જેમના નામ એફઆઇઆરમાં આરોપી તરીકે છે અને અન્ય બે તાલીક ઉર્ફે સબલુ અને મોહમ્મદ અફઝલ છે. કુમારના જણાવ્યા પ્રમાણે હત્યામાં વપરાયેલ શસ્ત્ર શોધવા માટે પોલીસ ટીમ આ જિલ્લાના નાનપરા વિસ્તારમાં ગઇ હતી ત્યારે તેના પર હમીદ, સરફરાઝ અને અફઝલે ગોળીબાર કર્યો હતો. વળતા ગોળીબારમાં સરફરાઝ અને તાલીમને ગંભીર ઈજા થઇ હતી. અત્રે ઉલ્લેખનીય છે કે બહરાઇચના મહારાજગંજમાં રવિવારે દુર્ગા વિસર્જન વખતે સરઘસમાં એક

...અનુસંધાન પાના 15 પર ➲

# સૈનીએ બીજી વખત હરિયાણાના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા

**શપથ** ગ્રહણ સમારોહમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી સહિત એનડીએ નેતાઓ અને હજારો લોકો હાજર



**ચંડીગઢ, તા. 17 (PTI).** ઓબીસી નેતા નાયબ સિંહ સૈનીએ ગુરુવારે પંચકુલામાં એક સમારોહમાં હરિયાણાના મુખ્ય પ્રધાન તરીકે શપથ લીધા હતા, જેમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી સહિત એનડીએ નેતાઓ અને રાજ્યભરમાંથી હજારો લોકો હાજર હતા.

હરિયાણાના રાજ્યપાલ બંડારુ દત્તાત્રેયે અહીં દશેરા મેદાનમાં બીજી વખત મુખ્યમંત્રી બનેલા સૈનીને પદ અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા.

સૈનીએ હિન્દીમાં શપથ લીધા.

વાલ્મીકિ જયંતિ હોવાથી ભાજપ દ્વારા શપથ ગ્રહણ સમારોહ માટેના દિવસની પસંદગી નોંધપાત્ર છે. ઋષિ-કવિ વાલ્મીકિ હિન્દુ મહાકાવ્ય રામાયણના લેખક અને ખાસ કરીને દલિતોમાં આદરણીય વ્યક્તિ છે.

અંબાલા કેન્ટના ધારાસભ્ય અને પાર્ટીના સૌથી વરિષ્ઠ નેતા અનિલ વિજ, ઈસરાનાના ધારાસભ્ય કૃષ્ણ લાલ પંવાર, બાદશાહપુરના ધારાસભ્ય અને આહીર નેતા રાવ નરબીર સિંહ, પાણીપત ગ્રામ્ય ધારાસભ્ય અને જાટ નેતા મહિપાલ ધાંડા, ફરીદાબાદના ધારાસભ્ય વિપુલ ગોયલ, ગોહાનાના ધારાસભ્ય અરવિંદ શર્મા, રાદૌરના ધારાસભ્ય શ્યામ સિંહ રાણા, બરવાલાના ધારાસભ્ય રણબીર ગંગવા અને નરવાના ધારાસભ્ય કુમાર બેદીએ મંત્રી તરીકે શપથ લીધા હતા.

બે મહિલા ધારાસભ્યો તોશામ ધારાસભ્ય શ્રુતિ ચૌધરી અને અટેલીના ધારાસભ્ય આરતી સિંહ રાવે પણ મંત્રી તરીકે શપથ લીધા હતા.

શ્રુતિ રાજ્યસભાના સાંસદ કિરણ ચૌધરીની પુત્રી છે, જ્યારે પ્રથમ વખત ધારાસભ્ય બનેલી રાવ કેન્દ્રીય મંત્રી રાવ ઈન્દ્રજીત સિંહની પુત્રી છે.

તિગાંવના ધારાસભ્ય રાજેશ નાગર અને પલવલના ધારાસભ્ય ગૌરવ ગૌતમે રાજ્ય મંત્રી (સ્વતંત્ર હવાલો) તરીકે શપથ લીધા હતા.

ચૌધરી સિવાયના તમામ નવા મંત્રીઓએ હિન્દીમાં શપથ લીધા

...અનુસંધાન પાના 15 પર ➲

# મેરિટલ રેપ: સુપ્રીમે કહ્યું કે પતિઓને મુક્તિ આપતા કાયદાની બંધારણીય યોગ્યતા ચકાસીશું

**લગ્ન** જીવનમાં પતિ સામે બળાત્કારના ગુનાઓ નોંધાશે તો તેનાથી લગ્ન સંસ્થાને નુકસાન થશે તેવી કેન્દ્રની રજૂઆત પર અરજદારોના અભિપ્રાયો માગ્યા

**સુનાવણી** ૨૨ ઓક્ટોબરથી શરૂ થશે

**નવી દિલ્હી, તા. 17 (PTI):** સુપ્રીમ કોર્ટે આજે જણાવ્યું હતું કે તે ઇન્ડિયન પીનલ કોડ(આઇપીસી) અને ભારતીય ન્યાય સંહિતા(બીએનએસ)ની તે જોગવાઇઓની બંધારણીય વૈદ્યતા ચકાસશે જે જો કોઇ પતિ પોતાની સગીર વયની નહીં હોય તેવી પત્નીને તેની સાથે જાતીય સંબંધ બાંધવાની ફરજ પાડે તેવા સંજોગોમાં તેને બળાત્કારના ગુનામાંથી મુક્તિ આપે છે.

ચીફ જસ્ટિસ ઓફ ઇન્ડિયા(સીજેઆઇ) ડી. વાય. ચંદ્રચૂડ અને જસ્ટિસ જે. બી. પારડીવાલા અને જસ્ટિસ મનોજ મિશ્રાની બનેલી બેન્ચે આવા કૃત્યને બળાત્કાર ગણવાની માગણી કરતા અરજદારોના અભિપ્રાયો કેન્દ્રની એવી રજૂઆત પર માગ્યા હતા જેમાં કેન્દ્ર સરકારે કહ્યું હતું કે આવા કૃત્યોને સજાપાત્ર ગણવા એ વિવાહીત જીવન પર ગંભીર અસર કરશે અને લગ્ન સંસ્થામાં ગંભીર ખોરવણી થવાનું કારણ બનશે. એક અરજદાર તરફે ઉપસ્થિત થયેલા વરિષ્ઠ ધારાશાસ્ત્રી કરૂણા નંદીએ દલીલો શરૂ કરી હતી અને કહ્યું હતું કે અદાલતે તે જોગવાઇઓ રદ કરવી જ જોઇએ જે ગેરકાયદે છે. એક અન્ય અરજદાર તરફે ઉપસ્થિત થયેલા વરિષ્ઠ ધારાશાસ્ત્રી કોલિન ગોન્સાલ્વેઝે કહ્યું હતું કે ના નો અર્થ ના થાય છે. જો કોઇ મહિલા ના કહે તો તે ના છે. અને જો પરિણીત ગૃહમાં બળાત્કાર થાય તો પછી એફઆઇઆર નોંધાવી જોઇએ એમ તેમણે વધુમાં કહ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે જેનું સ્થાન હવે બીએનએસે લીધું છે તે આઇપીસીની કલમ ૩૭૫ની અપવાદની કલમની જોગવાઇ હેઠળ જો કોઇ પુરુષ તેની પત્ની સાથે તેની મરજી વિના જાતીય

...અનુસંધાન પાના 15 પર ➲

તા. ૧૭-૧૦-૨૦૨૪નું વડોદરા શહેરનું
### હવામાન

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
| --- | --- | --- |
| ૩૫.૬° સે. | ૨૫.૮° સે. | ૩૮% |